આકાશવાણી, અમદાવાદ

16-10-2025 Midday: 2.30 to 2.35 pm

Thursday Regional News

## RAJYA MANTRI MANDAL VISTARAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની આવતીકાલે શપથવિધિ યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સવારે સાડા 11 વાગ્યે શપથવિધિ સમારોહ યોજાશે. રાજ્યપાલશ્રી રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણમાં સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

દરમિયાન ગાંધીનગર સેક્ટર 21 ખાતે આવેલા ધારાસભ્ય નિવાસસ્થાન ખાતે ધારાસભ્યોનું આગમન શરૂ થઈ ગયું છે. અત્યાર સુધી 20 જેટલા ધારાસભ્ય આ સ્થળ પર પહોંચ્યા છે.

મહાત્મા મંદિર ખાતે શપથવિધિ સમારોહ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે સમારોહ સ્થળ પર પહોંચી તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ અંગે પ્રવક્તા મંત્રીએ વધુ માહિતી આપી.

. . . . . . . . . . . .

## SURENDRANAGAR CRIME CONFERENCE

સુરેન્દ્રનગરમાં રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી –DGP વિકાસ સહાયની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાની પરિષદનો પ્રારંભ થયો. શ્રી સહાય ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે રાજ્યના કાયદો-વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરશે. સાથે જ શ્રેષ્ઠ કામ કરનારા અધિકારીઓને પ્રશંસાપત્ર પણ એનાયત કરાશે. આ પરિષદ બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ વૃક્ષારોપણ કરશે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા પોલીસ મુખ્યમથક ખાતે યોજાયેલી પરિષદમાં રાજ્યના નવ રૅન્જ I.G, ચાર પોલીસ કમિશનર, 21 જેટલા વરિષ્ઠ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . .

## AMTS FREE SERVICE

અમદાવાદમાં ચાલતી અમદાવાદ મહાનગર પરિવહન સેવા- AMTSમાં લોકો 18 થી 20 ઓક્ટોબર ત્રણ દિવસ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી અને સ્વદેશી ઝૂંબેશ હેઠળ ખરીદીને પ્રોત્સાહન આપવા આ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

## SWACHCHHATA PAKHVADIYA RAILWAY

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ દ્વારા પહેલી ઑક્ટોબરથી 15 તારીખ સુધી સ્વચ્છતા પખવાડિયા 2025ની ઉજવણી કરવામાં આવી. તેમાં મંડળના એક હજારથી વધુ કર્મચારી અને અધિકારીઓ જોડાયા હતા. તેમજ બે હજાર 500 જેટલા લોકોએ સ્વચ્છતાના શપથ લીધા હતા. આ પખવાડિયા દરમિયાન થયેલી કામગીરી અંગે પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળના પ્રભાગીય રેલવે મેનેજર ગિરીરાજ કુમાર મીનાએ વધુ માહિતી આપી.

. . . . . . . . . . . .

## MEHSANA TRAIN

રેલવે મંત્રાલય દ્વારા દિવાળીના પર્વ નિમિત્તે ઉત્તરપ્રદેશ અને બિહાર માટે બે વિશેષ ટ્રેન શરૂ કરવામાં આવી છે. સાબરમતી ગોરખપુર ટ્રેન અને સાબરમતી-બેગુસરાય ટ્રેન મહેસાણા રેલવેમથક પર ઊભી રહેશે. તેના કારણે ઉત્તર ભારત તરફ જતા મુસાફરોને લાભ થશે. સાબરમતી ગોરખપુર ટ્રેન ગુરુવાર, શુક્રવાર અને રવિવારે સવારે સાડા નવ વાગ્યે આવશે. જ્યારે સાબરમતી બેગુસરાય ટ્રેન બપોરે એક વાગ્યે મહેસાણા પહોંચશે.

. . . . . . . . . . . .

## GUJ- GST

વસ્તુ અને સેવા કર GST દરમાં સુધારાથી ગ્રાહકો અને વેપારીઓ બંનેને રાહત મળી છે. અમદાવાદના રહેવાસી અને FMCG વિતરક અલ્કેશ સોનીએ કહ્યું કે આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ અને પસંદગીના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો પર ઓછો કર આ તહેવારોની મોસમ ગ્રાહકો માટે વધુ સાનુકૂળ બનાવશે. તેમણે આ નિર્ણય બદલ સરકારનો આભાર માન્યો.

. . . . . . . . . . . .

## Bharuch – karyshala

ભરુચ જિલ્લા ભાજપ દ્વારા આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઇ. તેમાં નાગરિકોને સ્વદેશી વસ્તુઓ અપનાવવા અને તેનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો. આ અંગે વડોદરાનાં પૂર્વ સાંસદ રંજન ભટ્ટે  વધુ માહિતી આપી.

. . . . . . . . . . . .

## MEHSANA TEAM AWARD

બનાસકાંઠાના કડાણા ખાતે યોજાયેલી ઍન્યુઅલ આર્મ્ડ યુનિટ ટ્રૉફી કબડ્ડી ક્લસ્ટર ટૂર્નામૅન્ટમાં મહેસાણાની ટીમ વિજેતા બની છે. બનાસકાંઠાના કલેક્ટર મિહીર પટેલે ટીમને ટ્રૉફી એનાયત કરી હતી. મહેસાણા ટીમે મેચ દરમિયાન પ્રયાસ અને ઉન્નત ખેલ કૌશલ્યનું પ્રદર્શન કર્યું. ઉલ્લેખનીય છે કે, રાજ્ય પોલીસ અનામત દળ દ્વારા આ ટૂર્નામૅન્ટનું આયોજન કરાયું હતું.

. . . . . . . . . . . .